**પરિપત્ર:**

**વિષય: આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવા બાબત.**

**સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક રસય/યોગ દિવસ/૨૦૨૫/૫૮૩૫-૬૩૦૭, તા.૧૨/૦૬/૨૦૨૫.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે તા.૨૧ જૂન, ૨૦૨૫ ના રોજ સમગ્ર વિશ્વમાં ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનાં ભાગરૂપે આયુષ મંત્રાલય દ્વારા જૂન, ૨૦૨૫ સુધી ૧૦૦ દિવસના સમયગાળામાં શ્રેણીબદ્ધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં કરવામાં આવેલ છે. જેમાં **"યોગ સંગમ"** એ મુખ્ય કાર્યક્રમ છે, જેમાં કોમન યોગ પ્રોટોકોલ (CYP) પર આધારીત સામૂહિક યોગ પ્રદર્શનનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમનું આયોજન ભારતના માનનીય પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ તા.૨૧ જૂન, ૨૦૨૫ ના રોજ સવારે ૭ થી ૭:૪૫ વાગ્યા સુધી ભારતભરના ૧૦૦૦૦૦+ સ્થળોએ એકસાથે યોજાશે.

ઉપરોક્ત વિગતે જણાવવાનું કે **"યોગ સંગમ કાર્યક્રમ"** વિભાવના સાકાર કરવા આપની કોલેજ/અનુસ્નાતક કેન્દ્રમાં કાર્યક્રમોનું આયોજન કરવાનું થાય છે તો જે અંતર્ગત આપશ્રીની કોલેજ/સંસ્થાએ યોગ પોર્ટલ https://yoga.ayush.gov.in/yoga-sangam પર આયોજક તરીકે રજીસ્ટ્રેશન કરવા જણાવવામાં આવે છે.

ઉપરોક્ત કાર્યક્રમ સંપન્ન થયા બાદ (તા.૨૧ જૂન, ૨૦૨૫ ના રોજ અથવા ત્યાર પછી) યોગ પોર્ટલ https://yoga.ayush.gov.in/ પર કાર્યક્રમ પછીના સર્વે ફોર્મ જેમ કે સહભાગીઓની સંખ્યા અને કાર્યક્રમનાં ફોટોગ્રાફ્સ સબમીટ કરવાના રહેશે. **"યોગ સંગમ કાર્યક્રમ" ના સફળ અમલીકરણ બદલ** આયુષ મંત્રાલય દ્વારા આયોજકશ્રીઓને સન્માનિત કરવામાં આવશે. કાર્યક્રમ પછીનાં સર્વે ફોર્મ સબમિટ કર્યા બાદ આયોજકશ્રીઓના રજીસ્ટર્ડ ઇમેઇલ પર પ્રમાણપત્રો મોકલી આપવામાં આવશે તો આપની કોલેજ/અનુસ્નાતક કેન્દ્રના વિદ્યાર્થીઓ તેમજ શૈક્ષણિક/બિનશૈક્ષણિક કર્મચારીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાનાં ભારત દેશનાં આ કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લેવા અંગે માહિતગાર તેમજ પ્રોત્સાહિત કરવા જણાવવામાં આવે છે.

નોંધ: આ કાર્યક્રમ અંતર્ગત વધુ વિગતવાર માહિતી idy.coordination@gov.in પરથી મેળવી શકાશે.

કા.કુલસચિવ

બિડાણ:- સંદર્ભદર્શિત પત્રની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૨૬૭/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૧૩/૦૬/૨૦૨૫

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

સત્યમેવ જયતે

જા.ક્ર. :- રસય/યોગ દીવસ/૨૦૨૫/૫૮૩૫-૬૩૦૭ તા.૧૨/૦૬/૨૦૨૫

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી,સરકારી ,અનુદાનિત, બિનઅનુદાનિત યુનિવર્સીટી તમામ,

આચાર્યશ્રી, સરકારી ,અનુદાનિત, બિનઅનુદાનિત કોલેજો તમામ.

વિષય: આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-2025 ઉજવણી અન્વયે "યોગ સંગમ" કાર્યક્રમના આયોજન બાબત.
સંદર્ભ: ભારત સરકાર,શિક્ષણ મંત્રાલય, ઉચ્ચતર શિક્ષણ વિભાગનો તા.૨૨/૦૫/૨૦૨૫ પત્રક્રમાંક:
D.O.NO.29-2/2025-S&S

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ આપણે 11મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવા જઈ રહ્યા છીએ. જેના ભાગ રૂપે, આ મહત્વપૂર્ણ સીમાચિહ્નને નિશ્ચિત કરવા માટે, આયુષ મંત્રાલયે 21 જૂન, 2025 સુધી 100 દિવસના સમયગાળામાં શ્રેણીબદ્ધ પ્રવૃત્તિઓનું આયોજન કર્યું છે. આ કાર્યક્રમો યોગના ફાયદાઓને દરેક જગ્યાએ લોકો સુધી પહોંચાડવા માટે રચાયેલ છે.

"યોગ સંગમ" એ મુખ્ય કાર્યક્રમ છે, જેમાં કોમન યોગ પ્રોટોકોલ (CYP) પર આધારિત સામૂહિક યોગ પ્રદર્શનનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમ ૨૧ જૂન ૨૦૨૫ ના રોજ સવારે ૭ થી ૭:૪૫ વાગ્યા સુધી ભારતભરના ૧,૦૦,૦૦૦+ સ્થળોએ એકસાથે યોજાશે. આ કાર્યક્રમનું નેતૃત્વ ભારતના માનનીય પ્રધાનમંત્રીશ્રી કરશે. આ સંદર્ભમાં, સૌ પ્રથમ, તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓએ યોગ પોર્ટલ (https://yoga.ayush.gov.in/yoga-sangam) પર આયોજક તરીકે રજીસ્ટ્રેશન કરવાનું રહેશે અને ૨૧ જૂન, ૨૦૨૫ ના રોજ તેમની સંબંધિત સંસ્થાઓમાં યોગ સંગમ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

ઉપરોક્ત કાર્યક્રમ પછી (૨૧ જૂન, ૨૦૨૫ ના રોજ અથવા તે પછી) યોગ પોર્ટલ (https://yoga.ayush.gov.in/) ની મુલાકાત લેવા અને કાર્યક્રમ પછીના સર્વે ફોર્મ જેમ કે સહભાગીઓની સંખ્યા અને કાર્યક્રમના ફોટોગ્રાફ્સ સબમિટ કરવાના રહેશે. આયુષ મંત્રાલય દ્વારા તેમના 'યોગ સંગમ કાર્યક્રમ'ના સફળ અમલ માટે આયોજકોને સન્માનિત કરવામાં આવશે. કાર્યક્રમ પછીના સર્વે ફોર્મ સબમિટ કર્યા પછી આયોજકોના રજિસ્ટર્ડ ઈમેઈલ સરનામાં પર પ્રમાણપત્રો મોકલવામાં આવશે. વધુ માહિતી અથવા સ્પષ્ટતા માટે, જો કોઈ પ્રશ્ન હોય તો, idy.coordination@gov.in પર લખી શકાશે.

આથી તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ તેમના કેમ્પસમાં ભારતના માનનીય પ્રધાનમંત્રીના નેતૃત્વમાં મુખ્ય કાર્યક્રમ મોટા પાયે યોજવા માટે સક્રિયપણે ભાગ લેવા અને વ્યવસ્થા કરવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવે છે.

સંયુક્ત નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર